## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જુઓ આ લીસ્ટ છે... તમે બધાં શું કરતા હતા તેનું, લોકડાઉન ખૂલ્યા પછી મને પુછી પુછીને પરેશાન કરવાની નહીં...!!

# સિવિલમાં આરએમઓ ઓફિસ પાસે પાણી ભરતા કર્મચારીઓને ‘‘નો એન્ટ્રી’’

કોરોના કહેર વચ્ચે પણ સિવિલમાં સિક્યુરીટી જવાનો અને ખાનગી એજન્સીના કર્મચારીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં પણ કર્મચારીઓ ગમે તે રીતે હોસ્પિટલ નોકરી અર્થે આવે છે.ત્યારે સિવિલના આરએમઓ ઓફિસ નજીક આવેલા આરઓ પ્લાન્ટમાં પાણી ભરવા માટે સિક્યુરીટીના જવાનો અને ખાનગી એજન્સીના કર્મચારીઓ આવતા હોય છે. પંરતુ આ કર્મચારીઓને પાણી ભરવા માટે અહીં આવવુ નહી તેમ સ્પષ્ટ પણે કહેવામાં આવ્યું છે. ત્યારબાદ ત્યાં આવેલી લોખંડની જાળી પણ ફીટ કરી દેવામાં આવી હતી. પાણી માટે



સેવાભાવી નાગરીકો પરબ બંધાવે છે. ત્યારે કોરોના વાયરસના કહેર વચ્ચે પણ પોતાની ફરજ નિભાવતા કર્મચારીઓને પાણીની કોને ના પાડી તે તપાસનો વિષય છે.

# દહેગામ ભાજપના નેતા અને પોલીસ વચ્ચે ચકમક ઝરી

ગાંધીનગર, તા.૧૭

દહેગામ વિસ્તારમાં પોલીસ અને ભાજપના આગેવાન નેતા વચ્ચે રકઝક થઈ હતી. લોકડાઉન વચ્ચે દહેગામ ભાજપના આગેવાનનો પુત્ર ગતરોજ સાંજના સુમારે ઘરની બહાર ઉભો હતો. ત્યારે મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પોલીસના જવાનોએ તેને ઘરમાં રહેવા માટે જણાવ્યું હતું. પોલીસે ઘરમાં રહેવાનું કહેતા ભાજપના આગેવાનના દિકરાએ પોલીસને રૌફ બતાવ્યો હતો. દિકરાના ફોન પર દહેગામના અગ્રણી આગેવાન પણ ઘરે પહોંચીને રૌફ જમાવતા ઉચ્ચ અધિકારીઓને ફોન કર્યા હતા. સમગ્ર મામલો આ સમયે શાંત પડી ગયો હતો.પરંતુ પછીથી ભાજના આગેવાન અને તેમનો દિકરો દહેગામ પોલીસ મથકે પહોંચીને પોલીસ જવાન દ્વારા ગાળો બોલીને અસભ્ય વર્તન કર્યુ હોવાનું કહીને અરજી આપવાની વાત કરી હતી. જેથી એલસીબી પોલીસના જવાનોએ પણ આગેવાન નેતાના દિકરા સામે ગુનો દાખલ કરાવવાનું મન બનાવી લીધુ હતું. ભાજપના અન્ય આગેવાનો અને પોલીસના અધિકારીઓ વચ્ચે પડીને ૩ કલાકથી વધુના સમયગાળાની માથાકુટ બાદ સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- જે લોકોના રેશનીંગ કાર્ડ ફ્રિજ થયેલા છે તે એકટીવ કરવા માટેની કોઈ વ્યવસ્થા તંત્ર દ્વારા કરાઈ નથી તેની સામે લોકોમાં ગણગણાટ ઉભો થવા પામ્યો છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રાજયના મુખ્યમંત્રીશ્રીને વધુ એક પત્ર લખી આંતર જિલ્લામાંથી રોજગારી માટે આવેલ પરિવારોને પણ અન્નય બ્રહ્મ યોજના અંતર્ગત સમાવી અનાજની કીટ આપવા માંગ કરી છે.
- ગાંધીનગર શહેરમાં પંચદેવ યુવક મંડળ દ્વારા ચાલતી સેવા પ્રવૃત્તિને લઈ લોકોમાંથી સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.
- મોબાઈલના ઓનલાઈન વેચાણ સામે મોબાઈલના ડિલરોએ વાંધો લઈ રાજય સરકારના આ અંગે મંજુરી નહિ આપવા રજુઆત કરી છે.
- ગાંધીનગર મનપાની હદમાં હોમ કવોરોન્ટાઈન રહેલા લોકોની સંખ્યા ૧૧૧થી પણ વધી જવા પામી છે. આ ઉપરાંત ફેસેલીટી સેન્ટરમાં પણ ૮થી વધુ લોકો છે.
- જિલ્લામાં સરકારની ગ્રાન્ટેડ ગૌ શાળાઓને સરકાર દ્વારા ગાયોના નિભાવ માટે એપ્રિલ માસમાં દૈનિક રૂ. ૨૫ની સહાય પશુદીઠ આપવામાં આવશે.

# લૉકડાઉનમાં સેવા આપવા લોકરક્ષક દળના મહિલા ઉમેદવારોએ દર્શાવી તત્પરતા

ગાંધીનગર, તા. ૧૭

થોડાક માસ પૂર્વે ગુજરાત સરકાર સમક્ષ લોકરક્ષક દળની ભરતી મુદ્દે આંદોલન છેડ્યું હતું. આ આંદોલનને અત્યંત ઉગ્ર બનતા રાજય સરકારે નમતું જોખીને લોકરક્ષક ભરતી મુદ્દે બહાર પાડેલા આદેશને રદ કરવાની ફરજ પડી હતી. આમ પોતાની સંગઠન શક્તિથી રાજ્ય સરકારને ઝુકાવનારા લોકરક્ષક દળની મહિલા ઉમેદવારોએ જેમને હજુ નિમણુંક પત્ર મળ્યા નથી તેઓએ કોરોના કટોકટીમાં લૉકડાઉનનો ચુસ્ત અમલ થાય તે માટે પોતાની સેવા આપવાની તૈયારી દર્શાવી છે.

લોકરક્ષક દળની મહિલા ઉમેદવારો દ્વારા સોશિયલ મીડિયામાં કેટલાક વીડિયો વાયરલ કરીને રાજ્ય સરકારને અપીલ કરવામાં આવી છે કે પોલીસ તંત્ર દ્વારા લૉકડાઉનનોઅમલ કરવા માટે જેમ એનસીસી તેમજ એનએસએસની મદદ લેવામાં આવીરહી છે તેરીતે લોકરક્ષક દળની મહિલા ઉમેદવારોની પણ મદદ લેવામાં આવે આ મદદ કરવા માટે તેઓ તૈયાર છે. લોકરક્ષક દળની મહિલા ઉમેદવારોએ લૉકડાઉનમાં પોતાની સેવા આપવાની તત્પરતા દર્શાવતા વીડિયો વાયરલ કર્યા છે જેને એલઆરડી ઉમેદવારોએ પોતાની લડત દરમ્યાન બનાવેલા વ્હોટ્સએપ ગૃપમાં પણ મુકવામા આવ્યા છે.

# દહેગામ વાસણા-રાઠોડ ગામે ખેતરમાં બનાવેલા ભોંયરામાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામની સીમમાં આવેલા ખેતરમાં ઢોર બાંધવાની ગમાણમાં બનાવેલી ટાંકીઓમાં તેમજ બોરકુવાની ઓરડીની અંદર બનાવેલા ભોંયરામાં સંતોડેલ દારૂ-બિયરનો જથ્થો કુલ નં-૯૧૬ મળીને કુલ રૂ.૧,૯૨,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કરી એક ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ




જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે પીએસઆઈ વી.કે.રાઠોડને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી એલસીબી પોલીસે વાસણા રાઠોડ ગામની સીમમાં આવેલા વાડીયાવાળા ખેતરમાં રેઈડ પાડી હતી. જયાંથી લીસ્ટેડ બુટલેગર અજીતસિંહ ઉર્ફે બકા રણુભા ડોડીયા (ઉં.૩૮) મળી આવ્યો હતો. પોલીસે સાથે રાખીને વિવિધ સ્થળે તપાસ કરતા ગમાણમાં બનાવેલી બે અંડરગ્રાન્ડ ટાંકીઓમાંથી દારુ પોલીસને હાથ લાગ્યો હતો. જયારે પોલીસે ખેતરની ઓરડીમાં ભરેલી પરાળ હટાવીને ભોંયરુ મળી આવ્યું હતું. આ ભોંયરામાં દારુ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારુની નાની મોટી દારુની ૮૧૬ બોટલ અને ૧૦૦ ટીન મળી કુલ રૂ.૧,૯૨,૪૦૦ ની કિંમતનો દારુનો જથ્થો મળી આવ્યો હતો. ખેતરમાંથી મળી આવેલા દારુ અંગે પોલીસે પુછતાછ કરતા અજીતસિંહે જણાવ્યું હતું કે થોડા સમય પહેલા દારુનો જથ્થો નીલકંઠના છાપરામાં રહેતો ટીનાજી ઠાકોર તેની સ્વીફટ ડીઝાયર ગાડીમાં ભરીને આપી ગયો હતો. ત્યારે એલસીબી પોલીસે બંન્ને સામે દહેગામ પોલીસ મથકે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખયનીય છે કે અજીતસિંહ એ લીસ્ટેડ બુટલેગર છે. તેની સામે અગાઉ પણ પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે.

## કલોલમાં મોલ દ્વારા વધુ ભાવ લેવાતો હોવાની ફરિયાદ

લોકડાઉનના સમય ગાળામાં કલોલના મોલ અને અન્ય દુકાનોમાં બજાર કિંમત કરતા વધુ ભાવ લેવાતો હોવાની ફરિયાદ થઈ રહી છે.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા પુરવઠા અધિકારીને પત્ર લખી રજુઆત કરી છે કે લોકડાઉનના સમયગાળામાં કલોલ શહેરના ઓસીયા મોલ તથા એનડી મસાલા મોલ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે પરંતુ તકનો લાભ લઈ આ મોલ દ્વારા બજાર કિંમત કરતા વધુ ભાવો લેવામાં આવે છે. આ બંને મોલને તાત્કાલિક અસરથી બંધ કરાવવા રજૂઆત કરવામાં આવી છે.

# ઉવારસદ ગામના રેશનિંગના દુકાનદારે કાર્ડ ધારકો માટે ધરેલું સેનિટાઇઝર ટર્નલ બનાવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે લોકડાઉન કરી દેવામાં આવ્યું છે. આવા સમયે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ લેવા માટે આવતાં લોકોને સંપૂર્ણ વિના મૂલ્યે અનાજ આપવામાં આવી રહ્યું છે. ત્યારે આ ગામમાં આવેલી ગોરધનભાઇ ચીમનભાઇ પટેલ નામની રેશનકાર્ડની દુકાન ચલાવતા અને ગામના પૂર્વ સરપંચ ગોરર્ધનભાઇ દ્વારા ગ્રામજનોમાં કોરોના વાયરસનું સંક્રમણ



સેનિટાઇઝર કરવા માટે ઉવારસદ ગામની રેશનિંગના દુકાનદારે ધરેલું સેનિટાઇઝર ટર્નલ બનાવી છે.

ગાંધીનગર તાલુકાનું ઉવારસદ ગામ ૧૨ હજારની વસ્તી ધરાવતું ગામ છે. આ ગામમાં લોક ડાઉનનું ચુસ્ત રીતે અમલવારી કરવામાં આવી રહી છે. ગુજરાત સરકારના સંવેદનશીલ નિર્ણય થકી એક માસનો રેશનકાર્ડ ધરાવતા અને એ.પી.એલ-૧ કાર્ડ ધારકોને અટકાવવા ઉમદા કાર્ય કર્યું છે.

ઉવારસદ ગામમાં રેશનીંગની દુકાનનું સંચાલન કરતાં ગોરધનભાઇએ પોતાની દુકાનમાં અનાજ લેવા આવતાં તમામ લોકોને પહેલા સેનિટાઇઝ કરવા માટે ધરેલુ સેનિટાઇઝર ટર્નલ બનાવી છે. આ ટર્નલ બનાવવા માટે ગામમાં ફેબ્રિકેશનનું કામ કરતાં મોન્ટુભાઇએ ટર્નલ જેવું બનાવી આપ્યું છે. તેમજ ગામના દિનેશભાઇ રામભાઇ પટેલ કે જે ઈલેકટ્રીશયનનું કામ જાણે છે, તેમણે પોતાની સમજ મુજબ આ ટર્નલમાં આવતાં કાર્ડ ધારક સેનિટાઇઝ થઇ જાય તે માટે એક સ્પ્રે ગન ગોઠવી છે. આ સ્પ્રે ગનમાં સેનિટાઇઝર લાવવા માટે બાજુમાં એક કેરબામાં સેનિટાઇઝર ભરી રાખવામાં આવે છે. જેમાંથી સેનિટાઇઝરને ખેંચવા માટે કોમ્પ્રેશર મુક્યું છે. જેને એક સ્વીચ આપી છે. રેશનકાર્ડધારક રેશન લેવા આવે તે પહેલા આ ધરેલું ટર્નલમાંથી પસાર થઇ આવે છે. વચ્ચે આવતાં એક વ્યક્તિ સ્વીચ ઓન કરે છે. જેથી સ્પ્રે ગનથી રેશનકાર્ડ ધારક માથાથી પગ સુધી સેનિટાઇઝ થઈ જાય છે. ત્યારબાદ જ તે વ્યક્તિ રેશનકાર્ડમાં મળતો અનાજનો જથ્થો લેવા માટે દુકાનમાં જાય છે. દુકાનમાં રેશનકાર્ડ ધારક જાય એટલે તંત્રની સૂચના મુજબ તેમને સેનિટાઇઝરથી હાથ સાફ કરવામાં આવે છે.

આ સુવિધા કરવાનું કારણ આપતાં ઉત્સાહી રેશનિંગની દુકાન ચલાવતા ગોરધનભાઇએ જણાવ્યું હતું કે કોરોના વાયરસનું ગામમાં સંક્રમણ અટકાવી શકાય. તેમજ મારા ગામના દરેક વ્યક્તિની આરોગ્યની સુરક્ષા થાય. આ પાછળ ખર્ચ પણ બહુ નહિવત થાય છે.

## અમનપાર્કના યુવાનો દ્વારા જીટીએસ પાસે સેવાકેન્દ્ર

સમગ્ર રાજયમાં કોરોના એ કહેર મચાવ્યો છે. રાજયના વિવિધ શહેરોને પણ કોરોના પોતાના અજગરી ભરડામાં લઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યું છે. જેને પગલે સામાન્ય અને શ્રમિક નાગરીકોની હાલત કફોડી બની જવા પામે છે. ત્યારે આવા કપરા સમયે ભોજનથી વંચિત રહેલા જરૂરીયાતમંદ નાગરીકોને મદદરૂપ થવા માટે




સેકટર-૨૯ અમનપાર્ક સોસોયટીના મુસ્લિમ યુવાનોએ જીટીએસ નજીક સેવા કેન્દ્ર ઉભુ કરી ભોજન તૈયાર કરીને જીટીએસ અને આસપાસના વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારોને જમવાનું પહોંચાડવાની ભગીરથ સેવા શરુ કરી છે. પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર અને ઈમ્તિયાઝભાઈએ સેવાકેન્દ્રની મુલાકાત લઈ તેમની પ્રવૃતિને બિરદાવી પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. સ્થાનિક કોર્પોરેટર રોશનબેન પરમાર દ્વારા આ સેવાભાવી યુવાનોને ભોજન વિતરણ સેવા માટે જરુરી પરવાનગી આપવા પોલીસ તંત્ર પાસે માંગ કરતા પોલીસ તરફથી સહયોગ મળેલ છે.

# ચિલોડા ગામમાં કોરોના મહામારી સંદર્ભે લોકડાઉનનો ચુસ્ત અમલ

કોરોના વાઈરસ-કોવિડ-૧૯ની રોગના કેસોની સંખ્યામાં વધારો થતો જાય છે. રોગના



સંક્રમણ અટકાવવા અને માનવખુવારી ન થાય ત્યારે લોકડાઉન પાર્ટ-૨ની મુદત ૩જી મે સુધી લંબાવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં તકેદારી-અગમચેતીના ભાગરૂપે પગલાં લેવા જરૂરી બન્યું છે ગામમાં કે મહોલ્લાનાં-સોસાયટીમાંથી બહાર જતા અને બહાર ગામમાં આવતા લોકોનું રજીસ્ટર નોંધણી ફરજિયાતપણે નિભાવવા હોઈ તમામ સરપંચ અને તલાટી-મંત્રી દ્વારા સાંજે ૬ વાગે સત્તાવાહકોને માહિતી પુરા પાડવાની જરૂરી બન્યું છે. આ સંદર્ભે ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી-કમ મંત્રી દ્વારા ચિલોડા સ્થિત સોસાયટી ગોકુલધામ, શુભ આવાસ યોજના, અક્ષર બંગ્લોઝ, સુરમ્ય બંગ્લોઝ, અક્ષર પેરેડાઈઝ, એ.એફ.વી. ફલેટ, પ્રમુખ આર્ચિડ, પુનમ બંગ્લોઝ વગેરે નિવાસસ્થાનોએ-રજીસ્ટર નોંધણી ફરીયાજત કરવા સ્વયંસેવકોની વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત ગામના મુખ્ય પ્રવેશ દ્વારોએ એન્ટ્રી નાકાબંધી કરી દેવામાં આવી છે. લોકડાઉનના નિયમોનું પાલન ચુસ્તપણે થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

# હાર્દજ્ઞ અને હિમાના ચિત્રકલાનો શોખ અનેરો છે

## લોકડાઉનના આ સમયગાળામાં ભાઈ-બહેને ૨૦ થી વધુ ચિત્રો બનાવી નિજાનંદ લીધો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરની પાંગરતી પ્રતિભા હિમા વત્સલ વોરા અને હાર્દજ્ઞ વત્સલ વોરાની આ લોકડાઉનના સમયગાળા દરમ્યાન ચિત્રોના



સર્જનની પ્રતિભા અદ્‌ભુત નીખરી છે.

વત્સલ વોરા એક સારા ક્રિકેટર હોવા ઉપરાંત સાયકલીંગનો શોખ ધરાવે છે તેઓ પોતે પણ એક અચ્છા ચિત્રકાર છે. તેમના પેઈન્ટીંગ્સ એ એક આગવી ઓળખ ઉભી કરી છે પરંતુ તેમના આ બે



સંતાનોએ તો ગાંધીનગરની આગવી ઓળખ બની ઉભરી રહ્યા છે.

હિમા વોરા હાલ વૉટરકલર અને મંડલા આર્ટના ચિત્રો દોરી અને આગવી પ્રતિભા તરીકે ઉભરી રહી છે. તેણે આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે વૉટરકલરના ૬ થી ૭ ચિત્રો અને મંડલા આર્ટના ૩ જેટલા ચિત્રો પૂર્ણ કર્યા છે.

તેણીનીએ સ્વીકાર્યુ હતુ કે આ કામનો આનંદ અનોખો છે એમાંય મમ્મી-પપ્પાનું માર્ગદર્શન સતત મળે એટલુ જ નહિ તેઓ સતત પ્રોત્સાહિત કરતા રહે છે.

આ ઉપરાંત તેનો ભાઈ હાર્દજ્ઞ બ્લેક પેપરમાં વ્હાઈટ પેન્સીલ, સ્ટ્રીપલીંગ તેમજ કલર મેટલ્સના પેઈન્ટીંગ કરી રહ્યો છે. તેણે પણ ૧૦ થી વધુ ચિત્રો આ લોકડાઉનના સમયગાળામાં બનાવી દીધા છે.



આ ભાઈ-બહેનની જોડી વચ્ચે ચિત્રો દોરવાની જાણે સ્પર્ધા જામી હોય તેવુ અનોખુ વાતાવરણ આખા ઘરમાં સતત છવાયેલુ રહે છે.

વત્સલભાઈના શબ્દોમાં કહીએ તો મા શારદાની ઉપાસનાનો આનંદ અલગ જ હોય છે. મઝા આવે તેવુ કરીએ તો આનંદની ચરમસીમા મળે... સ્ટ્રીપલીંગ આર્ટમાં દિકરો સુંદર કામ કરી રહ્યો છે તેનુ ગૌરવ થાય છે.

આ બન્ને ઉભરતી પ્રતિભાઓની મુલાકાત તાજેતરમાં દૂરદર્શન પરથી પ્રસારિત થઈ હતી જે ઉલ્લેખનીય છે. ઓલ ધ બેસ્ટ હાર્દજ્ઞ અને હિમા... ગાંધીનગરની નવી આવતીકાલ તમે છો.

